છેલ્લા છ માસમાં ગાંધીનગરમાં ૭૯૧ સ્વજનોનું અવસાન

ગાંધીનગર, તા. ૨૨

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સંચાલિત મુક્તિધામ ખાતે ગેસ દ્વારા અને લાકડા દ્વારા સ્વજનોને અગ્નિદાહ અપાય છે. છેલ્લા છ માસ દરમ્યાન અવસાન પામેલા ૭૯૧ સ્વજનો પૈકી ૫૧૬ સ્વજનોને ગેસ દ્વારા અને ૪૯૭ સ્વજનોને લાકડા દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. જ્યારે ૮૮ સ્વજનોની દફનવિધિ કરાઈ હતી.

પર્યાવરણની સુરક્ષા માટે અને વૃક્ષોની જાળવણી માટે મુક્તિધામ ખાતે ગેસ દ્વારા અગ્નિદાહ આપવાની સુવિધા ઉપલબ્ધ છે. મૃત્યુ પામેલા સ્વજનોના પરિવારજનોની સંમતિ અનુસાર ગેસ અને લાકડા દ્વારા અગ્નિદાહ અપાય છે. શહેરમાં જાન્યુઆરી-૨૦૧૩થી જુન-૨૦૧૩ દરમ્યાન ૭૯૧ સ્વજનોના મૃત્યુ થયા હતા. તે પૈકી ૫૧૬ને ગેસ દ્વારા અને ૪૯૭ને લાકડા દ્વારા અને ૮૮ને દફનવિધિ દ્વારા અંતિમ સંસ્કાર કરાયા હતા. જુસિકા સંચાલિત આ મુક્તિધામમાં ૧૫ બિનવારસી મૃતદેહોની અંતિમવિધિ પણ કરવામાં આવી હતી. જ્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ માટે ચાર સ્વજનોનું દેહદાન મેળવાયું હતું.

રાજ્યમાં ઓછા કાર્યભારણને કારણે ૧૨ પેટા તિજોરી કચેરીઓ બંધ કરાઈ

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં ૧૨ જિલ્લામાં શરૂ કરવામાં આવેલી પેટા તિજોરી કચેરીઓમાં ઓછા કાર્યભારણને કારણે આગામી ૩૦મી સપ્ટેમ્બરથી બંધ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ તાલુકા કક્ષાએ પેન્શનરો, ચલણ ભરવાની સુવિધાઓ નજીકમાં ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨ તાલુકાઓમાં પેટા તિજોરી કચેરીઓ શરૂ કરવામાં આવી હતી.

રાજ્યની પ્રવર્તમાન પેટા તિજોરી કચેરીઓની સમીક્ષા કરી તદન ઓછુ કાર્યભારણ ધરાવતી પેટા તિજોરી કચેરી સ્થાનિક પરિબળોને ધ્યાને લઈને જરૂર જણાયે બંધ કરવાનો નિર્ણય તિજોરી સુધારણા હેઠળ લેવામાં આવેલ છે.

આ પેટા તિજોરી કચેરીઓનું કાર્યભારણ, ઉપાડ અધિકારીઓની સંખ્યા, ચલણ અને બિલની સંખ્યા, સેમ્ટ વેન્ડર તેમજ સ્ટેમ્પનું વેચાણ, પેન્શનરની સંખ્યા અને નજીકની પેટા તિજોરી કચેરીઓનું અંતર સહિતની બાબતોને ધ્યાને લઈને ૧૨ પેટા તિજોરી કચેરીઓ ૩૦મી સપ્ટેમ્બરથી કચેરી સમય બાદ તાત્કાલિક અસરથી બંધ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

ભરૂચ નજીક વાનની અડફેટે આવતા ત્રણ લોકોના મોત

ભરૂચ,તા. ૨૨

ભરૂચ નજીક આવેલા દહેજ પાસે પીકઅપ વાનનું એકાએક વ્હીલ નીકળી જતાં સર્જાયેલી દુર્ઘટનામાં ત્રણ લોકોના કરૂણ મોત થયા છે જ્યારે અન્ય ત્રણ લોકોને સામાન્ય ઈજા થઈ હતી. આ તમામ લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

હાલમાં અકસ્માત મામલા અંગેની તપાસ સ્થાનિક પોલીસ કરી રહી છે. પોલીસ અધિકારી સાથે થયેલ ટેલિફોનીક વાતચીતમાં મળેલી વિગત અનુસાર, આજે સવારે અંદાજે ૯ વાગ્યાના સુમારે પીકઅપ વાન (એપી ૨૧ વાય ૪૭૪૩) કારીગરોને લઈને ફેક્ટરીએ જઈ રહી હતી. તે દરમિયાન પીકઅપ વાનનું એકાએક વ્હીલ નીકળી જતા દુર્ઘટના સર્જાઈ હતી.

આ દુર્ઘટનામાં વિજય શ્રીરામ મહંતો, અવધ કિશોર પ્રસાદ તેમજ સંતરાજ મહંત યાદવનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ત્રમ લોકોને સામાન્ય ઈજા થતા સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તેમજ મૃતદેહોને પીએમ માટે મોકલી અપાયા હતા. આ સમગ્ર મામલા અંગેની ફરીયાદ નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શબ્દાવલી - ૫૧૮૪



આડી ચાવી

૧. ધર્મ, ધરમ (૪)
૪. ઉત્સુકતા, પ્રબળ હોંશ (૩)
૬. બહુ થોડું, જરા (૨)
૭. ફાંફા મારવા, આડુઅવળું જોયા કરવું (૩)
૯. પેકિંગ માટે મુકાતું કાણું નાળું સાધન (૪)
૧૨. સવારી કરનાર (૪)
૧૪. માગણા પેટે ચુકતે થયેલ રકમ (૩)
૧૫. હોકો, ચુંગી (૩)
૧૬. ઘોડો (૩)
૧૭. ગોદ, ખોળો (૨)
૧૯. મોકલેલુ, વિદાય કરેલ (૩)
૨૧. લીન, મગ્ન (૨)

ઊભી ચાવી

૧. મજુરી કરનાર (૩)
૨. ન્યાય કરનાર (૨)
૩. મોટી મોટી વાતો કરનાર (૫)
૪. પરાણે, ધરાહાર (૩)
૫. સોગન, કસમ (૩)
૮. ચહેરો (અંગ્રેજીમાં) (૨)
૧૦. મેળવવું તે, ... કરવું (૩)
૧૧. કસૂરમાં આવેલું (૫)
૧૨. આશ્ચર્ય (૪)
૧૩. જમીન ડાબે પડખે થવું તે (૪)
૧૪. કોઠાર, ગોદામ (૩)
૧૮. ચળ, ખંજવાળ (૨)
૨૦. ન્યાત, જાતિ (૨)

શબ્દાવલી ૫૧૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) ભગવાન (૫) સુગ્રીવ (૭) રળીયામણું (૧૦) પોશાક (૧૨) રોગચાળો (૧૪) નટ (૧૫) તક (૧૭) રીત (૨૦) પનાહ (૨૨) ઉથલપાથલ

ઊભી ચાવી :- (૧) ભરણપોષણ (૨) ગળી (૩) વાન (૪) નમન (૬) ગ્રીવા (૮) અંગત (૯) ગળો (૧૧) કનક (૧૩) ચાકરી (૧૬) અનાથ (૧૮) તરસ (૧૯) સાથ (૨૦) પપા (૨૧) હલ

પાલનપુર જિલ્લા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખના બનેવીના આપઘાતથી ચકચાર

પાલનપુર, તા. ૨૨

પાલનપુર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ભાજપના મહિલા અગ્રણી કુમુદબેન જોષીના બનેવી રશ્મિકાંત આર. રાવલેઆજે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી અનુસાર પાલનપુરના એંગોલા રોડ ગોલ્ડન પાર્ક ખાતે રહેતા રશ્મિકાંત રાવલે (ઉં.વ. ૫૦ આજે આર.ટી.ઓ. કચેરીની સામે આવેલ શોપિંગની આર.કે. એન્ટર પ્રાઈઝ નામની દુકાનમાં સવારે પંખાના હુકમાં દોરડુ બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આથી થોડીવારમાં જ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી અને મોટી સંખ્યામાં આસપાસના વેપારીઓ સહિત લોકો એકઠા થઈ ગયા હતા. પોલીસને જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી અને તેમના મૃતદેહને નીચે ઉતાર્યો હતો અને તપાસ કરતા તેમના ખિસ્સામાંથી એક ચીઠ્ઠી મળી આવી હતી. જેમાં ટેન્શન અને ડાયાબીટીશની બિમારીથી કંટાળી આ પગલુ ભર્યુ હોવાનું માલુમ પડ્યુ હતુ. જ્યારે આ ઘટના બાદ પરિવારજનોએ ચિઠ્ઠી ખોટી માની હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. આ બનાવમાં પોલીસે ગુનો નોંધી મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સુભાષબ્રિજ ચાર રસ્તા કલેક્ટર ઓફિસ પાસે ભ્રષ્ટાચારના વિરોધમાં દેખાવ કરવામાં આવ્યા હતા.

નરોડામાં ૧૪ મહીના અગાઉ થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

અમદાવાદ,તા. ૨૨

શહેરના નરોડા વિસ્તારમાં ૧૪ મહિના અગાઉ થયેલ યુવકની હત્યાનો ભેદ ક્રાઈમબ્રાંચે ઉકેલીને બે શખ્સોની ધરપકડ કરવામાં સફળતા મળી છે.

નરોડાના ભાવેશ સુથારની હત્યા કરનારા મુખ્ય આરોપી કુલદીપ ઉર્ફે સુનિલ શર્મા, તેમજ તેનો સાગરીત અમિત ઉર્ફે સોનુ પંજાબીને પકડીને પૂછપરછ હાથ ધરતા તેઓએ પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. ગત વર્ષ ૨૬ જુલાઈના રોજ ભાવેશ છનાલાલ સુથાર નામનો યુવક ગુમ થયા બાદ બીજા દિવસે તેની તિક્ષ્ણ હથિયાર વડે ગળુ કાપીને હત્યા કરાયેલી લાશ નરોડાના મનોહરવિલા ચાર રસ્તાની બાજુમાં શ્રીરામ બંગ્લોઝની સામેથી મળી આવી હતી. ત્યારબાદ સ્થાનિક પોલીસ અધિકારીઓએ ગુનો દાખલ કરીને આરોપીને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરી હતી. પરંતુ લાંબા સમય સુધી આરોપીને શોધવામાં નિષ્ફળ થતા આ મામલાની તપાસ ક્રાઈમબ્રાંચને સોંપવામાં આવી હતી. જયાં આજ રોજ હત્યાના આરોપીઓની અટકાયત કરીને વધુ પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, મરણ થનાર ભાવેશ સુથાર તથા આરોપી અમિત ઉર્ફે સોનુ પંજાબી બન્ને કુલદીપ ઉર્ફે સુનિલ શર્માના ત્યાં નોકરી કરતા હતા. ત્રણેય સારા મિત્રો હતા અને એક જ સોસાયટીમાં રહે છે. આરોપી કુલદીપ ઉર્ફે સુનિલ શર્માને તેઓની સોસાયટીમાં રહેતા વનરાજસિંહ દોલતસિંહ દેવડા તથા દીપક શાંતિલાલ કલાલ તથા બંસીભાઈ શાંતિલાલ કલાલ સાથે અગાઉ તકરાર થઈ હતી અને જેઓને ફસાવવાના હેતુથી તેમજ આરોપી કુલદીપ ઉર્ફે સુનિલ શર્માની બહેન સાલુ શર્મા તા. ૭ જુલાઈ ૨૦૧૨ના રોજ સળગીને મરી ગઈ હતી. તે અંતર્ગતની સાચી હકીકત ભાવેશ સુથાર જાણતો હતો અને ભાવેશ દારૂ પીધેલ હાલતમાં સોસાયટીમાં જાહેરમાં બુમો પાડી પોતે સાલુ શર્માના મોત સંબંધે સાચી હકીકતો જાણે છે તેવી બૂમો પાડતો હતો. ભાવેશ સાચી હકીકત જણાવી ન દે તે માટે આરોપી કુલદીપ ઉર્ફે સુનીલ શર્માએ નક્કી કરેલ અને અમિત ઉર્ફે સોનુ પંજાબી સાથે મળીને તેમના જ મિત્ર ભાવેસ સુથારની હત્યા કરી હતી. હાલમાં બન્ને આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને પોલીસ અધિકારીએ વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં આજે મુંબઈ અને ઓટેગો વચ્ચે જંગ

અમદાવાદ,તા. ૨૨

ચેમ્પિયન્સ લીગ ટ્વેન્ટી-૨૦માં આવતીકાલે અમદાવાદમાં સરદાર પટેલ મોટેરા સ્ટેડીયમ પર બે મેચો રમાનાર છે. જે પૈકી પ્રથમ મેચ હાઈવેલ્ડ લાયન અને પર્થ વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવશે. જ્યારે અન્ય મેચ મુંબઈ ઈન્ડિયન્સની હોવાથી અમદાવાદના ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં તમામ સ્ટાર ખેલાડીઓ રમી રહ્યા છે. મુંબઈ તરફથી કેપ્ટન રોહિત શર્માની હાજરીમાં તમામ ખેલાડીઓ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે ઓટેગોની ટીમ મેદાનમાં ઉતરનાર છે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવશે. મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હોટ ફેવરિટ તરીકે દેખાઈ રહી છે. કારણકે, તેમાં તમામ રાષ્ટ્રીય સ્તરે રમનાર ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંદુલકરને જોવા માટે ક્રિકેટ ચાહકો હજુ પણ પડાપડી કરી રહ્યા છે. આઈપીએલ ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી જે સ્ટાર ખેલાડીઓ રમવા ઉતરનાર છે તેમાં માઈકલ જોનસનનો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ ઓટેગોની ટીમ સંપૂર્ણ તૈયારી સાથે પહોંચી છે. શ્રીલંકામાં આઠ દિવસમાં ચાર ટ્વેન્ટી-૨૦ મેચો રમી છે. જે પૈકી ઓટેગોએ તમામ મેચો જીતી છે. મુંબઈની ટીમને અસર થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ઓટેગોના કેપ્ટન બ્રેડન મેક્કુલમે શાનદાર ફોર્મનો પરિચય આપી દીધો છે. ટોપ ઓર્ડરમાં હમીસ રોથર ફોર્ડ સારા ફોર્મમાં છે. આ ઉપરાંત જીમી મીસામ અને એડી રયાન શાનદાર ઓલરાઉન્ડર તરીકે છે.

હજારોની સંખ્યામાં ક્રિકેટ ચાહકો પહોંચનાર છે જેથી મેદાનમાં પહેલાથી જ સાવચેતીના તમામ પગલાઓ લેવાયા છે. લાસીત મલિંગાની જગ્યાએ જોનસનનો સમાવેશ કરાયો છે. અમદાવાદમાં વિકેટ બેટીંગની હોવાથી રનોનો વરસાદ જોવા મળી શકે છે. ઓટેગોની ટીમ બોલીંગમાં નબળી દેખાઈ રહી છે.

ખુશાલીનો માહોલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પાકોમાં રોગચાળાનો ભય ઉભો થયો હતો તે દૂર થયો છે. આ વરસાદને કારણે આ સ્થિતિ પણ ટળી જવા પામી છે. વરાપમાં પડેલી અસહ્ય ગરમીને કારણે જમીનમાંથી ભેજનું તત્વ પણ ઘટ્યું હતું પરંતુ સમયસરના આ વરસાદને પગલે જમીનમાં ભેજ પુનઃ છવાઈ જતાં ઉગાવાનો લાભ હવે ખેડૂતોને થશે. આજે દિવસ દરમિયાન હળવા તથા ભારે વરસાદના ઝાપટા સતત થતા રહ્યા હતા. આ વરસાદને પગલે ખેડૂતો પણ ખેતીકામમાં વધુ વ્યસ્ત બની જવા પામ્યા છે. દરમિયાન હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યાનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન હળવાથી ભારે વરસાદની શક્યતાઓ છે.

ગાંધીનગરના કવિ હરિકૃષ્ણ પાઠકને 'નરસિંહ એવોર્ડ' એનાયત થશે

આદ્ય કવિ નરસિંહ મહેતા સ્મારક નિધિ દ્વારા દર વર્ષે ગુજરાતી કવિને અપાતો 'નરસિંહ મહેતા એવોર્ડ' આ વર્ષે સુપ્રસિદ્ધ કવિ હરિકૃષ્ણ પાઠકને આપવાની જાહેરાત કરવામાં આવી છે.

આગામી શરદપૂર્ણિતાની રાત્રે તા. ૧૮/૧૦/૨૦૧૩ ના રોજ રૂપાયતન સંસ્થાના પટાંગણમાં યોજાનાર એવોર્ડ અર્પણ સમારંભમાં મોરારી બાપુનાં હસ્તે કવિશ્રીને 'નરસિંહ એવોર્ડ' અને રૂા. ૧.૫૧ લાખની રાશિ અર્પણ કરવામાં આવશે.



હાલમાં ગાંધીનગર ખાતે સેક્ટર-૨માં રહેતા કવિ હરિકૃષ્ણ પાઠકનો જન્મ ૫, ઓગસ્ટ, ૧૯૩૮માં ભાવનગર જિલ્લાના બોટાદમાં થયેલો, પિતાનું નામ રામચંદ્ર, વતન ભોળાદ, જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર, એમનું નાગરપણું સતત ઉઘડતું રહે છે. કાં તો પાણીમાં, કાં તો લેખનમાં, પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ લઈને ઉચ્ચ શિક્ષણ લીધું વિજ્ઞાન શાખામાં ૧૯૬૧માં વિજ્ઞાનના સ્નાતક થયા પછી સોનગઢના ગુરૂકુળમાં શિક્ષક બન્યા. નાનપણથી ચિત્રકળા તરફ લગાવ હતો. અને કળાના સામાયિક 'કુમાર' નું ખેંચાણ રહેલું. એથી પહેલો પગાર આવતાં 'કુમાર'નું લવાજમ ભર્યું ને એનાં વાંચને 'નાદ લાગ્યો કવિતાનો' એ જ વર્ષે રાજ્ય સરકારના સચિવાલયમાં જોડાયા ત્યારે પેલો કવિતાનો નાદ એમને 'કુમાર' ના કાર્યાલયમાં ચાલતી બુધ-સભાની ડેલીએ લઈ ગયો. સચિવાલયના તુમાર વચ્ચે પણ કવિતાની રગ પકડાતી રહી અને હરિકૃષ્ણ પાઠક કાવ્યો રચતા રહ્યા. ૧૯૬૬માં એમનું કાવ્ય લેખન આરંભાયું અને વર્ષભરના શ્રેષ્ઠ સર્જન માટે ૧૯૬૭નો 'કુમાર ચંદ્રક' એમને મળ્યો. સાડા ચાર દાયકા દરમિયાન એમની પાસેથી સમકાલીન કવિતાઓની તુલનાએ સર્જનાત્મક સાહિત્ય જે મળ્યું છે તે સત્ત્વશીલ છે.

૧૯૭૪માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'સૂરજ કદાચ ઉગે' પ્રસિદ્ધ થયા પછી દાયકા બાદ 'અડવા પચીસી' ૧૯૮૪માં પ્રકાશિત થયો. જેમાં હાસ્ય કટાક્ષ સવિશેષ છે. 'જળના પડઘા' ૧૯૯૫. એ પછીના દાયકે પ્રકાશિત થયો ત્યારે કવિની અંગત વેદના કાવ્ય રૂપે મળી. 'રાઈના ફૂલ' ૨૦૦૫માં કાવ્યોમાં 'અડવા પચીસી' ના કાવ્યોનું અનુસંધાન છે. એ કાવ્યોમાંનો કટાક્ષ અને એમાંથી નીપજતું હાસ્ય સ્વાભાવિક તો છે જ. પરંતુ એની પડદે વેદના છે. 'કવિ લેખે મારો સ્થાયી ભાવ તો કરૂણનો છે.' એમ કહેતા આ કવિએ કરૂણને આવૃત્ત રાખીને આ રચનાઓ લખી છે. વય વધતાં બધુ બદલાતું રહે છે. 'ઘટના ઘાટે' ૨૦૦૯ માં કવિની આધ્યાત્મિકતાનો ઉઘાડ છે. 'વાગે છે ચોઘડિયાં' નો નાદ કવિને સંભળાય છે. 'સાક્ષર બોત્તેરી' ૨૦૧૧ સુધી ના એમનાં છ કાવ્ય સંગ્રહોમાંથી એમની સમગ્ર કવિના તાજેતરમાં 'જળમાં લખવા નામ' એ નામે પ્રસિદ્ધ થઈ છે.

કાવ્ય સર્જનની સમાન્તરે હરિકૃષ્ણ પાઠકે ટૂંકી વાર્તાનું લેખન કર્યું છે. 'મોર બગલો' ૧૯૮૮માં પ્રગટ થયેલો તેમનો પહેલો વાર્તા સંગ્રહ એમાં ૨૧ વાર્તાઓ સંગ્રહિત થઈ છે. તે પછી 'નટુભાઈને તો જલસા છે.' ૨૦૦૮માં પ્રગટ થાય છે. તેમાં હળવી રીતિની બાર વાર્તાઓ છે. તો ૨૦૦૯માં 'અંગત-સંગત' શિર્ષકથી લઘુ-લલિત નિબંધો પ્રગટ થયા છે. તે ઉપરાંત 'ગુલાબી આરસની બગ્ગી અને દોસ્તારીની વાતો એ બે બાળ-કિશોરકથાના સંગ્રહો છે.' 'કોઈનું કંઈ ખોવાય છે' અને 'હલ્લો-ફલ્લો' માં બાળકો માટે લખાયેલી કવિતા છે. તો 'નગર વસે છે', કવિતા ચયન, ૧૯૯૬ અને કલાપીનાં કાવ્યો તેમનાં સ્વતંત્ર સંપાદનો છે.

હરિકૃષ્ણ પાઠકને ગુજરાત સરકાર/ગુજરાત સાહિત્ય અકાદમીનાં પાચ પારિતોષિકો મળ્યા છે. એમને નર્મદ ચંદ્રક અને જયંત પાઠક કવિતા પુરસ્કાર મળેલ છે. તેમજ ક્રિટીકસ એવોર્ડ મળ્યો છે. તે ઉપરાંત ૨૦૧૦નો શ્રી ધનજી કાનજી ગાંધી ચંદ્રક અને 'કવિ લોક' દ્વારા કાવ્ય માટે અપાતું ચંદ્રશેખર ઠાકુર પારિતોષિક પ્રાપ્ત થયેલ છે, અને ૨૦૧૧માં દલપતરાય એવોર્ડ અને સને ૨૦૧૩ નો 'નરસિંહ એવોર્ડ' એમને આપવાનું જાહેર થયું છે ત્યારે કવિને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

નગર પ્રતિભાનાં પોખણાં
નટવર હેડાઉ

હાલ ઉદ્યોગગૃહની જવાબદારી સંભાળતા જવાનો અસલામત

અમદાવાદ,તા. ૨૨

કેન્દ્ર સરકારની જેમ ગુજરાત ઔદ્યોગિક સુરક્ષાદળના જવાનો ઉદ્યોગ ગૃહોની સુરક્ષાની જવાબદારી નિભાવતા હોય છે. પરંતુ તેમની નોકરીની સલામતી નથી. આ અંગે નિયમોમાં ફેરફાર કરવાની માંગ ઉઠી છે. ભારતમાં સિક્યોરિટી એક્ટ ૨૦૦૫ પ્રમાણે ઔદ્યોગિક ગૃહોની જવાબદારી નિભાવવા અર્ધસરકારી એવા ગુજરાત ઔદ્યોગિક સુરક્ષાદળની રચના થઈ હતી. જેમાં માત્ર પોલીસની ફિઝીકલ પરીક્ષામાં પાસ હોય તે એક્સ સર્વિસમેન, હોમગાર્ડ, પોલીસદળના જવાનોને લેવામાં આવે છે. કોઈપણ બિલ્ડીંગની સલામતીની જવાબદારી નિભાવતી આ સંસ્થાના જવાનો અર્ધલશ્કરી સંસ્થાના હોવાથી તેઓ ખૂબ જ જવાબદાર છે.

ખાનગી સિક્યોરિટી એજન્સી કરતા આ દળ વધુ વિશ્વસનીય છે. આ અંગે ગુજરાત ઔદ્યોગિક સુરક્ષાદળના મજદુર સંઘના પ્રદેશ પ્રમુખ દિપક પંડ્યા અને મહામંત્રી જાલમ દેસાઈએ જણાવ્યું છે કે, સરકારના પરિપત્રના આધારે સરકારી ગ્રાન્ટ લેતી કોઈપણ સંસ્થાએ આ દળના જવાનોને સલામતીનું કામ આપવું પડે પરંતુ આ કામ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી અપાતુ હોવાથી ગમે ત્યારે જવાનોને નોકરીમાંથી હાથ ધોવા પડે છે. આ કોન્ટ્રાક્ટર પદ્ધતિ રદ કરવાની સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. આ દળ માટે સર્વિસ મેન્યુઅલ બનાવવું, યુનિફોર્મ કલર બદલવો, નિવૃત્ત કર્મચારીની ભરતી કરવા પર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી છે. લઘુત્તમ વેતનની હાલત આગળ વધતા વધે હોમગાર્ડનું ભત્થુ રૂપિયા ૨૦૪ થયું છે. લોકરક્ષક દળ જે પોલીસને સહાય કરે છે તેનો ફિક્સ પગાર માસિક રૂપિયા પાંચ હજાર થાય છે.

સ્થળ મુલાકાત વગર ખોટો રિપોર્ટ નહીં બને

અમદાવાદ,તા. ૨૨

હવે કોઈ કર્મચારી સ્થળ મુલાકાત લીધા વીના ખોટો રીપોર્ટ ભરીને મેનેજમેન્ટને બનાવી નહી શકે. એવી મોબાઈલ એપ્લીકેશનની શોધ થઈ શકે છે કે તમે કયા સ્થળે ગયા અને કેટલો સમય રોકાયા તે ખબર પડી જશે. ઈન્ફોટેકના એક સંશોધનકારે એવી શોધ કરી છે કે સ્માર્ટ ફોન મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કર્યા બાદ કર્મચારી તેના કામ માટે ક્યા સ્થળે ગયો તે ઓફિસમાં બેઠા બેઠા જ ટ્રેસ કરી શકશે. આવા પ્રકારની એપ્લીકેશન ખાસ કરીને મ્યુનીસીપલ કર્મચારી, ઈલેક્ટ્રીસીટી વિભાગ કે જેને મળેલી ફરીયાદ કર્મચારીઓને નિકાલ માટે આવે છે. પાંચ સ્થળે કર્મચારીએ જવાનું હોય અને તે પાંચ સ્થળે જવાને બદલે ત્રણ સ્થળે જઈને પાંચ સ્થળની વીઝીટ કરી તેવો રીપોર્ટ ભરી દે છે. આથી બાકીની બે ફરિયાદ અઠવાડીયા પછી ફરી પાછી આવે છે. સૌથી મોટી સમસ્યા ડેરીઓની છે, જેમ કે દુધ સાગર ડેરી સાત હજાર સ્થળોએ જઈ ભેંસોની સાર સંભાળ રાખે છે. જેને દર ત્રણ ચાર મહીને રસી આપવાની હોય છે. તેની તપાસ કરવાની હોય છે. પરંતુ વેટરનરી ડોક્ટરો બધી જગ્યાએ જતા નથી. દરેક ભેંસને નંબર આપેલા હોય છે. આ પદ્ધતિના અમલથી ડોક્ટરે દરેક ભેંસની તપાસ કરી તેનો ફોટો મોબાઈલમાં પાડીને ઓફિસમાં સાબિતી આપવી પડશે. રાજ શાહે જણાવ્યું કે, દુર દુરના વિસ્તારમાં કર્મચારી પોતાની ફરજ અદા કરતા નથી અને માત્ર નાણાં મેળવવા બીલ મુકી દે છે. જેથી સંસ્થાના પૈસા જાય છે પણ કામ પુરૂ થતું નથી. પદ્ધતિના અમલથી સંસ્થાના પૈસાનો વ્યય અટકશે અને કર્મચારીને પ્રમાણિક પણે કામ કરવું પડશે. આગામી દિવસોમાં ઈલેક્ટ્રીક સીટી કંપની, કોર્પોરેશનના મસ્ટર સ્ટેશન અને ડેરીઓના વેટરનીટી ડોક્ટરોમાં તથા પ્રદુષણ અંકુશમાં લાવવા આ પદ્ધતિનો અમલ થશે.

નવા મતદારો માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી ઝુત્સીની આ મુલાકાત વેળાએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલ, જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મનસુરી, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી સુધીર પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુચારા, મામલતદાર શ્રી મોદી, તા.વિ. અધિકારી શ્રી ચારેલ સહિતના અધિકારીઓ હાજર હતા.

શ્રી ઝુત્સી આજે સવારે ૧૦ વાગે જિલ્લા કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજી લોકસભાની ચૂંટણી અંગેની તંત્રને હાથ ધરવા જણાવેલ તૈયારીઓની સમીક્ષા કરનાર છે.

જાહેર નિવિદા નં. ૫ (એસ.કે.) સને ૨૦૧૩-૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી, કાસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું સ્થાનિક બજારમાં કામ કરતી પ્રીન્ટીંગ પ્રેસ સાથે ટીન નંબર / પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૩૦/૯/૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૭/૧૦/૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે.

કામનું નામ	(૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ (૩) સમય મર્યાદા
ઓફસેટમાં મલ્ટીકલર/ડીઝાઈનીંગ, પ્રિન્ટીંગ વોલ્યુમ, પેમ્ફલેટ અને કાર્ડ વિગેરે બનાવી આપી પુરા પાડવાનું કામ	(૧) રૂ. ૯૦૦/- (૨) રૂ. ૫૦૦૦/- (૩) ૧ વર્ષ

માહિતી/૧૨૯૪/૧૩-૧૪